અપીલ અરજી નં.૩૧૧ તા.૩૦–૧–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૧–૧૨–૦૮ની અરજીથી ગોપીપુરા સંઘડીયાવાડમાં આવેલ વોર્ડ નં.૮/૨૨૬૪/અ,બ ના નવા બાંધકામ બાબતે માંગેલ માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૧૧/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૩૧–૧૨–૦૮ની અરજીથી ગોપીપુરા સંઘડીયાવાડમાં આવેલ વોર્ડ નં.૮/૨૨૬૪/અ,બ ના નવા બાંધકામ બાબતે માંગેલ માહિતી પુરી પાડવા બાબતે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૭૦ તા.૨૦–૧–૦૯ થી આપેલ માહિતીના મુદ્દા નં.૭ અને જે પૈકી મુદ્દા નં.૬ માં જવાબ ખોટો તથા માંગેલી માહિતી વિરુધ્ધ ગેરમાર્ગે દોરવાની ખોટી માહિતી અને ગોળ ગોળ માહિતી આપ્યાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૬ તા.૫–૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગત મળેલ નથી.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ છે. પરંતુ અપીલ અરજીમાં અરજદારે મુદ્દા નં.૬ ની માહિતી માંગેલ માહિતી વિરુધ્ધની અને ખોટી પુરી પડાયેલ છે તેવી રજુઆત કરેલ છે. મુદ્દા નં.૬ માં ગેરકાયદેસર બાંધકામ કેટલું? તેની માહિતી સ્થળ મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ સ્થળ ઉપર વોર્ડ નં.૮,નોંધ નં.૨૨૬૪/અ/બ વાળી મિલ્કતમાં દાદરનું આયોજન ન કરી ચારેય મિલ્કતોનું સંયુકતપણે ભોંયતળિયું તથા હાયર ગ્રાઉન્ડ ફલોર તથા બે માળનું આર.સી.સી કોલમ–બીમ સ્લેબનું બાંધકામ કરી ચણતરની દિવાલો કરવા સહિતનું બાંધકામ થયેલ છે તેમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું તે જણાવેલ નથી.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૬ની નહીં પુરી પડાયેલ માહિતી શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને દફતરી હકીકતલક્ષી માહિતી ઉપલબ્ધ કરી અત્રેની જાણ હેઠળ આરટીઆઈની કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે અરજદારને દિન–૭ માં પુરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૩)શ્રી ગુલામભાઈ મેમણ,